# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ

## રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ–૨૦૦૫

### કલમ-૪ મુજબની ૧૭ પ્રકારની માહિતી

શ્રમયોગ • સંગઠન • સમૃદ્ધિ

**DRDA- PATAN**


**Phone No.** : **02766-223175**

**Fax No.** : **02766-223441**

**Email** : drda-patan@gujarat.gov.in

# પ્રકરણ-1

## પ્રસ્તાવના

| | | |
|---|---|---|
| 1.1 | આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિનિયમ-2005) ની પાશ્વાદ ભુમિકા અંગે જાણકારી | ભારત સરકારના ગ્રામિણ નિવારણની યોજના તથા અમલીકરણની માહિતી |
| 1.2 | આ પુસ્તિકાનો ઉદ્દેશ/હેતુ | ગરીબી નિવારણ |
| 1.3 | આ પુસ્તિકા કઈ વ્યકિતઓ/સંસ્થાઓ/સંગઠનો વગેરેને ઉપયોગી છે ? | ગ્રામલોકોને |
| 1.4 | આ પુસ્તિકામાં આપેલી માહિતીનું માળખું | ગ્રામ વિકાસની યોજનાઓનું નિયત માળખુ |
| 1.5 | વ્યાખ્યાઓ(પુસ્તિકામાં વાપરવામાં આવેલ જુદા જુદા શબ્દોની વ્યાખ્યા આપવા વિનંતી) | |
| 1.6 | કોઈ વ્યકતિ આ પુસ્તિકામાં આવરી લેવાયલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માગે તો તે માટેની સંપર્ક વ્યકિત | જિલ્લા કક્ષાએ:<br>(1) નિયામક<br>(2) નાયબ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર<br>(3)મપ્રાઅ હિસાબ<br>(4) મપ્રાઅ વહીવટ<br>(5) મપ્રાઅ એસજીએસવાય<br>(6) વર્કસ મેનેજર<br>(7) મપ્રાઅ આઈએવાય<br>(8) મપ્રાઅ મોનીટરીંગ<br>(9) પ્રોગ્રામ કો. ઓર્ડીનેટર ટી.એસ.સી.<br>(10) જિલ્લા કોઓર્ડીનેટર(T.SC)<br>તાલુકા કક્ષાએ<br>તાલુકા વિકાસ અધિકારી<br>ગ્રામ કક્ષાએ<br>ગ્રામસેવક/તલાટીકમ/મંત્રી/ગ્રામમિત્ર |
| 1.7 | આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને ફી | નિયમ નમુનાની અરજી તથા નિયત કરેલ ફી રજુ થયેથી |

# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની રચના, માળખું અને ઉદેશો

ગ્રામ વિકાસના અને ખાસ કરીને ગરીબી નિવારણના કાર્યક્રમોનું આયોજન,અમલ,સંચાલન અને દેખરેખ સરળતાથી થઈ શકે એ માટે જે તે વિસ્તારની આર્થિક,સામજિક અને ભૌગોલીક પરિસ્થતિને અનુલક્ષીને સ્થિતિ સ્થાપકતા લાવી શકાય તે હેતુથી સમગ્ર દેશના તમામ જિલ્લાઓના જિલ્લાકક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્થાપના કરવામાં આવી છે.આ એજન્સી કેન્દ્ર,સરકારના રજિસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એકટ-1860 હેઠળ તેમજ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ-1950 હેઠળ નોંધાયેલી સવાયત્ત સંસ્થા છે.(Autonomous Body)

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,પાટણ સોસાયટીઝ એકટ 1860 હેઠળ નોંધાયેલ સંસ્થા છે,તેનો નોંધણી નંબર એફ-ગુજ 18 પાટણ. તા.24/7/1998 છે.

ગરીબી નિવારણના વિવિધ કાર્યક્રમો હેઠળ ભારત સરકાર અને રાજયસરકારની ગ્રાન્ટ મેળવી યોજનાઓ અમલ પોતાના હાથ નીચે કાર્યકરતી તાલુકાકક્ષાએ રહેલ આઈ.આર.ડી બ્રાન્ચ દ્વારા કરાવે છે.એજન્સીના ચેરમેન તરીકે હોદાની રૂએ જિલ્લા વિકાસ અધિકારી ફરજ બજાવે છે.જયારે રાજય વહિવટી સેવાના અધિક કલેકટર કક્ષાના અધિકારી એજન્સીના નિયામક તરીકે ફરજ બજાવે છે.તેઓ એજન્સીના મુખ્ય વહિવટી અધિકારી ગણાય છે.ગ્રામ વિકાસ ક્ષેત્રે જરૂરી હોય તેવા વિવિધ પાસા જેવાં કે,ખેતી,પશુપાલન,સહકાર,નાના ઉધોગો,વનીકરણ વગેરે ક્ષેત્રોને આવરી લેવાના હેતુથી જે તે વિભાગના અધિકારીઓ/કર્મચારીઓને પ્રતિ નિયુકતી પર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિમણુંક આપી,ગ્રામ વિસ્તારોનો સમગ્ર પણે વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

## માળખું

<table>
<tr><td colspan="9">ચેરમેન (જિલ્લા વિકાસ અધિકારી શ્રી)</td></tr>
<tr><td colspan="9">નિયામક</td></tr>
<tr><td>નાયબ જિલ્લા<br>કો.ઓર્ડીનેટર<br>એન..આર.ઈ.જી.એ.</td><td>A.P.O<br>વહિવટ</td><td>A.P.O<br>SGSY</td><td>A.P.O<br>હિસાબ</td><td>A.P.O<br>મોનીટરીંગ</td><td>પ્રોગ્રામ<br>કો.ઓર્ડીનેટર<br>TSC</td><td>A.P.O<br>મહિલા</td><td>વર્કસ મેનેજર<br>એન.આર.ઈ.જી.એ.</td><td>જિલ્લા<br>કન્સલટન્ટ</td></tr>
<tr><td colspan="9">તાલુકા વિકાસ અધિકારી</td></tr>
<tr><td colspan="2">વિ.અધિ.<br>ધિરાણ/ઉદ્યોગ</td><td colspan="2" rowspan="2">અધિક મદદ.<br>ઈજનેર</td><td rowspan="2">આસીસ્ટન્ટ<br>પ્રોગ્રામર</td><td rowspan="2">ટેકનીકલ<br>આસીસ્ટન્ટ</td><td colspan="3">ડે.એકાઉન્ટન્ટ</td></tr>
<tr><td colspan="2">ગ્રામ સેવક</td><td colspan="3">સિનિયર કલાર્ક</td></tr>
</table>

# ઉદેશો

- ગરીબી નિવારણ માટેના ભારત સરકાર કે રાજયસરકાર જે કાર્યક્રમો નક્કી કરે તેનું સરકારશ્રીની માર્ગદર્શક સુચનાઓ મુજબ જિલ્લાકક્ષાએ અમલીકરણ કરવું.
- જિલ્લા અને તાલુકાએ કામ કરતી વિવિધ એજન્સીઓનું સંકલન કરવું
- ગરીબીરેખા હેઠળ જીવતા કુટુંબોનું વખતો વખત સર્વેક્ષણ કરવું.
- સર્વે કામગીરીનો સમન્વય કરી તાલુકાકક્ષાએથી વાર્ષિક આયોજન મંગાવી, મંજુર કરી જિલ્લાનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.
- કાર્યક્રમોનું જુદા જુદા સ્તરે મુલ્યાંકન કરવું.
- આંતઃસ્તરીય સગવડો ઉભી કરવી અને જુદા જુદા ક્ષેત્રોમાંથી સહયોગ મેળવવો.
- કાર્યક્રમોનો પ્રસાર કરી લોકજાગૃતિ કેળવવી.
- ગ્રામિણ ગરીબોને રોજગારી આપી આર્થિક ઉન્નતી કરવી.
- પ્રજાકીય પ્રશ્નોના નિકાલ માટે સદાય તત્પર રહેવું.
- રાજય સરકાર નક્કી કરે તે મુજબ નિયત સમયે અહેવાલો મોકલવા.

# Patan District Telephone List

| Sr. No. | Office | Code No. | Office | Fax |
|---|---|---|---|---|
| **1** | Collector, Patan | **02766** | **233303** | **233055** |
| **2** | DDO, Patan | **02766** | **232936** | **234294** |
| **3** | Director, DRDA,Patan | **02766** | **223175** | **223441** |
| **4** | TDO Patan | **02766** | **230379** | **232997** |
| **5** | TDO Sidhpur | **02767** | **220117** | **225961** |
| **6** | TDO Chansma | **02734** | **222022** | **222022** |
| **7** | TDO Harij | **02733** | **223679** | **223680** |
| **8** | TDO Sami | **02733** | **244343** | **244336** |
| **9** | TDO Radhanpur | **02746** | **277348** | **278418** |
| **10** | TDO Santalpur | **02738** | **224289** | **224126** |

## પ્રકરણ-2 (નિયમ સંગ્રહ-1)

## સંગઠનની વિગતો , કાર્યો અને ફરજો

| | | |
|---|---|---|
| 2.1 | જાહેર તંત્ર ઉદેશ/હેતુ | • ગ્રામિણ ગરીબજનોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ વિકાસના કામો માટે કાર્યદક્ષ અને ઉમદા સેવા પુરી પાડવી.<br>• કલ્યાણ માટે કાર્યદક્ષ સાચા અર્થમાં અમલ.<br>• ગ્રામ વિકાસના કામો સુદ્દઢ બનાવવા.<br>• પારદર્શક લોકાભિમુખ વહીવટ.<br>• ગ્રામિણ ગરીબોને રોજગારી આપી આર્થિક ઉન્નતી કરવી.<br>• પ્રજાકીય પ્રશ્નોના નિકાલ માટે સદાય તત્પર રહેવું.<br>• લોકો સાથે મિત્રતાપુર્ણ અને સૌજન્યપુર્ણ વ્યવહાર કરવો.<br>• વહીવટમાં પારદર્શકતા લાવવા માહિતી પ્રાપ્ત કરવાના લોકોના અધિકારની રક્ષા કરવી.<br>• પ્રજાકીય સેવામાં સુધારણા.<br>• પ્રજાજનોની રજુઆત ઝડપી, ન્યાયપુર્ણ અને હકારાત્મક નિકાલ લાવવાની કટીબધ્ધતા.<br>• નાગરિકોને ગ્રામ વિકાસની યોજનાઓ અંગેની માહિતી અને માર્ગદર્શન આપી તેમને ઉપયોગી થવાનો અભિગમ.<br>• યોજનાઓના અમલીકરણમાં પ્રમાણિકતા અને પારદર્શકતાનો અભિગમ. |
| 2.2 | જાહેર તંત્રનું મિશન / દુરંદેશીપણું (વિઝન) | • ગરીબી નિવારણ માટેના ભારત સરકાર કે રાજયસરકાર જે કાર્યક્રમો નક્કી કરે તેનું સરકારશ્રીની માર્ગદર્શક સુચનાઓ મુજબ જિલ્લાકક્ષાએ અમલીકરણ કરવું.<br>• જિલ્લા અને તાલુકાએ કામ કરતી વિવિધ એજન્સીઓનું સંકલન કરવું.<br>• ગરીબીરેખા હેઠળ જીવતાં કુટુંબોનું વખતો વખત સર્વેક્ષણ કરવું.<br>• સર્વે કામગીરીનો સમન્વય કરી તાલુકાકક્ષાએથી વાર્ષિક આયોજન મંગાવી. મંજુર કરી જિલ્લાનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.<br>• કાર્યક્રમોનું જુદા જુદા સ્તરે મુલ્યાંકન અને દેખરેખ.<br>• આંતઃસ્તરીય સગવડો ઉભી કરવી અને જુદા જુદા ક્ષેત્રોમાંથી સહયોગ મેળવવો.<br>• કાર્યક્રમોનો પ્રસાર કરી લોકજાગૃતિ કેળવવી.<br>• રાજય સરકાર નક્કી કરે તે મુજબ નિયમ સમયે અહેવાલો મોકલવા. |

| | | |
|---|---|---|
| 2.3 | જાહેર તંત્રનો ટુંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ. | ગ્રામ વિકાસના અને ખાસ કરીને ગરીબી નિવારણના કાર્યક્રમોનું આયોજન, અમલ, સંચાલન દેખરેખ સરળતાથી થઈ શકે એ માટે જે તે વિસ્તારની આર્થિક, સામાજિક અને ભૌગોલીક પરિસ્થિતિને અનુલક્ષીને સ્થિતિ સ્થાપકતા લાવી શકાય તે હેતુથી સમગ્ર દેશના તમામ જિલ્લાઓના જિલ્લાકક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્થાપના કરવામાં આવી છે. આ એજન્સી કેન્દ્ર સરકારના રજીસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એકટ-1860 હેઠળ તેમજ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ-1950 હેઠળ નોંધાયેલી સ્વાયત્ત સંસ્થા છે. (Autonomous Body)<br>જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણએ સોસાયટીઝ એકટ 1860 હેઠળ નોંધાયેલ સંસ્થા છે. તેનો નોંધણી નંબર એફ-ગુજ 18/પાટણ તા.24/07/1998 છે.<br>ભારત સરકાર અને રાજય સરકારની ગ્રાન્ટ મેળવી યોજનાઓના અમલ કરે છે. એજન્સીના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ જિલ્લા વિકાસ અધિકારી ફરજ બજાવે છે. જયારે રાજય વહીવટી સેવાના અધિક કલેકટર કક્ષાના અધિકારી એજન્સીના નિયામક તરીકે ફરજ બજાવે છે. તેઓ એજન્સીના મુખ્ય વહીવટી અધિકારી છે. |
| 2.4 | જાહેર તંત્રની ફરજો | ગ્રામ સ્તરે ગરીબલક્ષી યોજનાઓના અમલીકરણની કામગીરી. |
| 2.5 | જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો | યોજનાનું અમલીકરણ તથા વહીવટી કામગીરી. |
| 2.6 | જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાએની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ. | • એસ.જી.એસ.વાય.<br>• એન.આર.ઈ.જી.એ.<br>• ઈન્દિરા આવાસ યોજના (નવીન મકાન)<br>• ઈન્દિરા આવાસ યોજના (મકાન સુધારણા)<br>• ગોકુળ ગ્રામ યોજના<br>• સંપુર્ણ સ્વચ્છતા કાર્યકમ<br>• સખીમંડળ |
| 2.7 | જાહેર તંત્રના રાજય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ (જયાં લાગુ પડતો હોય ત્યાં) | 1 થી 7 તાલુકામાં ઉપરોકત યોજનાની અમલવારી મોનીટરીંગ દ્વારા ગરીબી નાબુદ કરવાના લક્ષ્યાંકો સિધ્ધ<br>(1) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ એજન્સી, ગુજરાત રાજય, ગાંધીનગર<br>(2) જિલ્લા ગ્રામ વિકાસ એજનાસી, ખેડા-નડીયાદ<br>(3) તાલુકા પંચાયતઃ પાટણ, સિધ્ધપુર, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર, અને સાંતલપુર |

| | | |
|---|---|---|
| 2.8 | જાહેર તંત્રની અસરકારેતા અને કાર્યક્ષમતા વધારવા માટેનો લોકો પાસેથી અપેક્ષાઓ. | લોકો પાસેથી યોજના અમલીકરણ માટે સહકારની ભાવનાની અપેક્ષા. |
| 2.9 | લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ | ગામે ગામ લોક સંપર્ક દ્વારા જિલ્લા તથા તાલુકાના પ્રતિનિધિથી ગ્રામસભાઓ, પ્રચાર પત્રિકાઓ. |
| 2.10 | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર | મળેલ ફરીયાદોનો જિલ્લા કચેરી દ્વારા નિકાલ લાવવામાં આવે છે.<br>જિલ્લાકક્ષાએઃ નિયામકશ્રીની કચેરી<br>તાલુકાકક્ષાએઃ તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી<br>ગ્રામ કક્ષાએઃ ગ્રામ સેવક / તલાટી કમ મંત્રી |
| 2.11 | મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામું (વપરાશકારને સમજવામાં સરળ પડે તે મટે જિલ્લાવાર વર્ગીકરણ) | (1) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ<br>(2) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. પાટણ<br>(3) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. સિધ્ધપુર<br>(4) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. ચાણસ્મા<br>(5) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. હારીજ<br>(6) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. સમી<br>(7) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. રાધનપુર<br>(8) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. સાંતલપુર |
| 2.12 | કચેરી શરૂ થવાનો સમય | 10-30 કલાકે |
| | કચેરી બંધ થવાનો સમય | 18-10 કલાકે |
| | રીસેસ | 14-00 થી 14-30 કલાક |

## પ્રકરણ-3 (નિયમ સંગ્રહ-2)
## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

**3.1** **સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગત આપો.**

**હોદ્દો** **નિયામકશ્રી**

| | | |
|---|---|---|
| સત્તાઓ | વહીવટી | 1. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી<br>2. વહીવટી તમામ સત્તાઓ |
| | નાણાંકીય | કામો, યોજનાઓ તમામ મંજુર કરી નાણાંકીય તમામ જવાબદારી તથા લાખથી વધુના ચુકવણા ઉપર નિયામકશ્રી તથા ચેરમેનશ્રીની સંયુકત સહીથી જવાબદારી નિભાવવામાં આવે છે. |
| | અન્ય | તમામ યોજનાઓનું અમલીકરણ કરવાની તમામ કામગીરી. |
| | ફરજો | વાર્ષિક લક્ષ્યાંકો સિધ્ધ કરવાની. |

# પ્રકરણ-4 નિયમ સંગ્રહ-3

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો સુચનાઓ

## નિયમસંગ્રહ અને દફતરો

**4.1 જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો.. આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.**

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ / મથાળું: | |
| દસ્તાવેજનો પ્રકાર: | |
| દસ્તાવેજ પરનું ટુંકુ લખાણ: | • એસ.જી.એસ.વાય.<br>• એન.આર.ઈ.જી.એ.<br>• ઈન્દીરા આવાસ યોજના (નવીન મકાન)<br>• ઈન્દીરા આવાસ યોજના (મકાન સુધારણા)<br>• ગોકુળ ગ્રામ યોજના<br>• સંપુર્ણ સ્વચ્છતા કાર્યક્રમ<br>• સખીમંડળ |

| | | |
|---|---|---|
| વ્યક્તિને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | સરનામું | નિયામક<br>બીજોમાળ, પી.પી.કોમ્પલેક્ષ, સિધ્ધપુર ચારરસ્તા,<br>જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,<br>પાટણ |
| | ટેલીફોન નંબર | 02766-223175 |
| | ફેકસ | 02766-223441 |
| | ઈમેઈલ | drda-paan@gujarat.gov.in |

નોંધઃ તમામ યોજનાની વિગતવાર માહિતી સામેલ છે.

## સ્વર્ણજયતિ ગ્રામ સ્વરોજગાર યોજના (એસ.જી.એસ.વાય.)

## પ્રાસ્તાવિક

વર્ષઃ1998-99 દરમ્યાન જે ગ્રામ વિકાસ કાર્યક્રમો અમલમાં હતા તેને પુર્નગઠીત કરી તા.1-04-1999 થી નવા ગ્રામ વિકાસ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ (આઈ.આર.ડી.પી.) ગ્રામ યુવકોને રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ (ટ્રાયસેમ), ગ્રામ વિસ્તારની સ્ત્રી અને બાળકોના વિકાસ કાર્યક્રમ (દ્વારકા), ગ્રામ્ય કારીગરોને સુધારેલા ઓજાર પુરા પાડવાનો કાર્યક્રમ (સીટ્રા), ગંગા કલ્યાણ યોજના (જી.કે.વાય.) એમ.ડબ્લ્યુ.એસ. (જીવનધારા) જેવા રોજગારલક્ષી કાર્યક્રમોને પુર્નગઠન કરી એક કાર્યક્રમ સ્વર્ણજયતી ગ્રામ સ્વરોજગાર યોજના (એસ.જી.એસ.વાય.) તરીકે અમલમાં મુકેલ છે. જેમાં સ્વરોજગારીના બધાજ પાસા આવરી લેવાયેલ છે. આની ઘોષણા લાલ કિલ્લા પરથી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ કરેલ છે.

**ઉદ્દેશઃ**

- ધિરાણ સહ કાર્યક્રમ
- સ્વસહાય જુથોના સંગઠનો બનાવી ક્ષમતા વિકસાવવી.
- આર્થિક પ્રવૃત્તિ સમુહ અભિગમ હેઠળ સ્વરોજગારીઓને તાલીમ આપવી અને પાયાની સવલતો ઉભી કરવી.
- સહાયિત ગરીબ કુટુંબ (સ્વરોજગારી) ને ત્રણ વર્ષમાં ગરીબીરેખાથી ઉપર લાવવાનો ધ્યેય.
- ઓછામાં ઓછા ત્રીજા વર્ષના અંતે લાભાર્થીની પ્રતિમાસ ચોખ્ખી આવક રૂ.2000/- થી વધુ થવી જોઈએ.
- સ્વરોજગારીઓને બજાર વ્યવસ્થાનો ટેકો ઉપલબ્ધ કરાવવો.
- આ યોજનાના લાભાર્થીઓને સ્વરોજગારીઓ તરીકે ઓળખવામાં આવશે.

**લક્ષિત લાભાર્થીઃ**

- બી.પી.એલ. વ્યક્તિ અને કુટુંબો
- દરેક ઘટકમાં 30 ટકા ગરીબોને આવતા પાંચ વર્ષમાં આવરી લેવાના પ્રયત્નો કરવા

**સહાયના ધોરણોઃ**

- સહાયનું ધોરણ સમાન રાખી પ્રોજેકટ ખર્ચના 30 % રહેશે (રૂ. 7500ની મર્યાદામાં)
- અનુ.જાતિ/અનુ.જનજાતિ માટે પ્રોજેકટ ખર્ચ 50 % (રૂ. 10,000ની મર્યાદામાં)
- સ્વરોજગારીના સ્વનિર્ભર જુથ માટે પ્રોજેકટ ખર્ચના 50 % (રૂ. 1 લાખની મર્યાદામાં)

- સિંચાઈના કામો માટે સહાયની કોઈ મર્યાદા નથી.
- બેંકો મારફતે ધિરાણ કરવામાં આવશે.

**ફંડની જોગવાઈ:**

- કેન્દ્ર અને રાજયસરકાર વચ્ચે 75:25 મુજબ
- નાણાંની ફાળવણી જે તે રાજયની ગરીબીના આંકના આધારે
- બે હપ્તામાં ભંડોળ છુંટુ થશે.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આ યોજના હેઠળ મળેલ રકમના 60 % સબસીડી, તરીકે 20 % ઈન્ફ્રાસ્ટ્રકચર, તરીકે 10 % તાલીમ સદરે ખર્ચ કરી શકશે.
- નાણાંકીય સહાય બેક ધિરાણ અને સબસીડી આપવામાં આવશે.

**આરક્ષણની જોગવાઈ – સ્વરોજગારીઓનું પ્રમાણ:**

- કુલ સ્વરોજગારીઓમાં ઓછામાં ઓછા
- એસ.સી. / એસ.ટી. 50 % લાભાર્થીઓ
- મહીલા 40 % લાભાર્થીઓ
- વિકલાંગ 3 % લાભાર્થીઓ
- સમાજના નબળા વર્ગોને અગ્રીમતા

**સ્વસહાય જુથ વ્યાખ્યા:**

- સમાન, આર્થિક, સામજિક સિથ્તિ અથવા તો પરંપરગત વ્યવસાયવાળા લોકોનું જુથ
- સમાન હેતુ પાર પાડવા સ્વૈચ્છાએ ઉભું થયેલું મર્યાદીત સભ્ય સંખ્યા ધરાવતું ગરીબ અને જરૂરીયાતમંદ વ્યક્તિઓનું જુથ

**જુથની રચના કેવી રીતે કરવી:**

- ગામમાં મુલાકાત લેવી અને લોક સંપર્ક કરવો.
- બી.પી.એલ. કુટુંબોને એક જગ્યાએ એકઠા કરવા.
- ગરીબ કુટુંબના સભ્યોને બચત કરવા પ્રોત્સાહીત કરવા તથા બચતનું મહત્વ સમજાવવું

**સ્વસહાય જુથની રચનાઃ**

- સ્વનિર્ભર જુથ સામાન્યતઃ 10 થી 20 વ્યક્તિનું રહેશે, લઘુસિંચાઈ અને અપંગ વ્યક્તિના કિસ્સામાં 5 વ્યક્તિનું જુથ હોઈ શકે.
- સ્વનિર્ભર જુથમાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોનો સમાવેશ કરવામાં આવશે.
- સ્વનિર્ભર જુથમાં એક કુટુંબમાંથી એક કરતાં વધારે સભ્યનો સમાવેશ કરવામાં આવશે નહી.
- એક વ્યક્તિ એક કરતા વધારે જુથનો સભ્ય હોઈ શકશે નહી.
- સભ્યો નિયમિત બચતથી એક ભંડોળ તૈયાર કરશે.
- ઘટકકક્ષાએ સ્વનિર્ભર જુથ પૈકીના 50 % જુથ માત્ર મહિલાના હોવા જરૂરી છે.
- જુથ પોતાના નિતીનિયમો જાતે ઘડી કાઢશે.

**સ્વસહાય જુથનો ઉછેરઃ**

- જુથ પોતાના નામે બેંકમાં ખાતું ખોલાવશે.
- છ માસ સુધી યથાશક્તિ નિયમિત બચક કરે.
- દર માસે ઓછામાં ઓછી બે મીટીંગ બોલાવે.
- આંતરીક ધિરાણ અને વસુલાત કરે.
- છ માસ બાદ બેંક દ્વારા ગ્રેડીંગ 1 થાય, ત્યારબાદ જુથને રીવોલ્વીંગ ફંડ મળે.
- રીવોલ્વીંગ ફંડની રકમ મહત્તમ રૂ.10,000 /-
- બેંક દ્વારા ગ્રેડીંગ-2ની પ્રક્રીયા પૂર્ણ થયા બાદ બેંક તરફથી ગ્રુપને લોન (કેશ ક્રેડીટ) મળે.
- રીવોલ્વીંગ ફંડ / લોન અને બચત દ્વારા જુથ આર્થિક પ્રવૃત્તિ કરે અને સધ્ધર બને.

**અમલીકરણ સંસ્થાઓઃ**

- એસ.જી.એસ.વાય. કાર્યક્રમનું અમલીકરણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા થશે.
- બેંક અને અન્ય નાણાંકીય સંસ્થાઓ, આયોજન, અમલીકરણ અને વિનિમયન ક્ષેત્રે સહયોગ આપશે.
- પી.આઈ.એ., સ્વૈચ્છિક સંસ્થાઓ અને ટેકનીકલ સંસ્થાઓનો પણ સહયોગ મળશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ

## પાંચ વર્ષની પ્રગતિ દર્શાવતું પત્રક

**યોજનાનું નામઃ એસ.જી.એસ.વાય.**

| ક્રમ | વર્ષ | નાણાંકિય | | જોગવાઈ સામે | ભૌતિક | |
|---|---|---|---|---|---|---|
| | | જોગવાઈ (મળેલ રકમ) | ખર્ચ | ટકાવારી | એકમ | સિધ્ધિ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 1 | 2004-05 | 54.24 | 51.83 | 95.56 | સ્વરોજગારીઓ | 689 |
| 2 | 2005-06 | 54.23 | 59.45 | 109.63 | સ્વરોજગારીઓ | 746 |
| 3 | 2006-07 | 60.18 | 59.99 | 99.68 | સ્વરોજગારીઓ | 932 |
| 4 | 2007-08 | 91.78 | 96.79 | 105.46 | સ્વરોજગારીઓ | 1112 |
| 5 | 2008-09 | 108.51 | 110.32 | 101.67 | સ્વરોજગારીઓ | 939 |

# ઈન્દીરા આવાસ યોજના (નવા આવાસ)

**પ્રસ્તાવના**

આ કેન્દ્ર પુરસ્કૃત યોજના તા.1-1-96 થી અમલમાં છે. જેનો ખર્ચ 75:25 ના ધોરણે ભારત સરકારઃરાજય સરકારે ભોગવવાની જોગવાઈ છે. ગરીબીરેખા હેઠળ જીવતાં ઘરવિહોણા ગ્રામિણ લાભાર્થીઓને પાકા ઘર બાંધકામ માટે સહાય આપવાની અગત્યની યોજના છે.

**ઉદેશઃ**

- ગ્રામિણ વિસ્તારમાં ગરીબીરેખા હેઠળ જીવતાં લક્ષિત જુથોના ઈસમોને આવાસની સુવિધા પુરી પાડવી.
- આવાસનું બાંધકામ લાભાર્થીએ જાતે કરવું.
- લાભાર્થી પાસે આવાસ બનાવવા પોતાની માલિકીનો ઓછામાં ઓછો 20 ચો.મી. નો પ્લીન્થ એરીયા ધરાવતી જમીન હોવી જોઈએ.

**સહાયનું ધોરણઃ**

- રૂ. 26250/- કેન્દ્ર સરકાર દ્વારા (75%)
- રૂ. 8750/- સ્ટેટ મેચીંગ શેર (25%)
- રૂ. 8500/- રાજય સરકાર પુરક સહાય
- રૂ. 43500/- સરકારી સહાય
- રૂ. 7000/- લાભાર્થીનો શ્રમફાળો
- રૂ. 50500/- મકાનની યુનિટ કોસ્ટ

**પસંદગીનું ધોરણઃ**

- ઈન્દીરા આવાસ યોજનાની પ્રતિક્ષાયાદીઓમાંથી અગ્રતાના ધોરણે પસંદગી.
- ગ્રામીણ વિસ્તારમાં ગરીબીરેખા નીચે જીવતા અનુસુચિત જાતિ / જનજાતિ તથા અન્ય લક્ષિત જુથના કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- સરકારે ફાળવેલ ઘરથાળ પ્લોટ અથવા માલિકીના ખેતર કે પોતાની માલિકીના પ્લોટ ઉપર પાકું મકાન બાંધવાનું હોય છે.
- જિલ્લામાં ઉપલબ્ધ થતાં ભંડોળના 60% રકમ અનુસુચિત જાતિ અને અનુ.જનજાતિ માટે જ ખર્ચવાના રહે છે.

**આવાસમાં ઉપલબ્ધ સુવિધાઓઃ**

- ભુકંપ પ્રતિરોધક ડીઝાઈન પ્રમાણે અને કુદરતી આફતો સામે ટકી રહે તે રીતે મકાન બાંધવું.
- આવાસનો પ્લીન્થ એરીયા 20 ચો.મી. થી ઓછો ન હોવો જોઈએ.
- પુરતી જગ્યાનો એક રૂમ રસોડું.
- આરોગ્યપ્રદ શૌચાલય ફરજીયાત.
- પાણીયારૂ, છાજલી.
- નિર્ધુમ ચુલા, આઈ.પી.એસ.ફલોરીંગ.
- હવા ઉજાસ માટે ઓછામાં ઓછી બે બારીઓ.
- આવાસની આસપાસ લાભાર્થીએ વૃક્ષો વાવવાના રહેશે.
- આવાસ પર ગ્રામ વિકાસનો લોગો લગાવવાનો રહેશે.

**અમલીકરણ સંસ્થાઃ**

- આ યોજનાનો અમલ રાજયની તમામ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા થાય છે.
- આવાસનું બાંધકામ લાભાર્થીએ જાતે કરવાનું હોય છે. કોન્ટ્રાકટર પર પ્રતિબંધ છે.
- આવાસ માટે કોઈ ચોક્કસ ડીઝાઈન નિયત કરવામાં આવેલ નથી.

## ઈન્દીરા આવાસ યોજના (સુધારણા)

ઈન્દીરા આવાસ યોજના હેઠળ કુલ ભંડોળના 20% ભંડોળ કાચા મકાનોની ગુણવત્તા સુધારવા માટે વાપરવાની જોગવાઈ છે.

**કોને લાભ મળી શકે ?**

- જે કુટુંબ બી.પી.એલ. યોજનાની યાદીમાં નોંધાયેલ હોય.
- કાચુ મકાન ધરાવતાં હોય તેમના લાભ આપી શકાય.
- કાચા મકાનોની સુધારણા માટે.

**આ યોજના હેઠળ લેવાના કામોઃ**

- મકાનની કક્ષા ઉંચી લાવવાની યોજના.
- મકાનના છાપરા અને દિવાલને થયેલ નુકશાન મરામતનું કામ.
- મકાનની જર્જરીત દિવાલને ઈંટો, રેતી અને સિમેન્ટના ઉપયોગથી પાકી દિવાલ બનાવવાનું કામ.
- મકાનના કાચા છાપરાના બદલે વિલાયતી નળીયાવાળા સિમેન્ટ કે લોખંડના પતરાંવાળા છાપરામાં ફેરવવાનું કામ.

**હયાત મકાનનું વિસ્તરણઃ**

- હયાત મકાન બંધાયા હોય તે 100 ચો.વારના પ્લોટમાં જ ખાલી રહેલી જગ્યામાં વધારાનો રૂમ, રસોડું, પરસાળ નવેસરથી બાંધવાનું કામ.
- ઉપરના કામો સાથે આરોગ્યપ્રદ શૌચાલય અને નિર્ધુમ ચુલાનો અવશ્ય સમાવેશ કરવાનો રહેશે.

**મકાન સહાયઃ**

- રૂ. 15000/- ની મર્યાદામાં સહાય જેમાં,
- રૂ. 11250/- કેન્દ્ર સરકાર દ્વારા (75 %)
- <u>રૂ. 3750/-</u> સ્ટેટ મેચીંગ શેર (રાજય સરકાર) (25 %)
- રૂ. 15000/- સરકારી સહાય

- આ રકમ આવાસ સુધારણાનું કામ પુર્ણ થયે ચુકવવામાં આવશે.
- આ યોજના હેઠળ પ્રથમ પસંદગી શ્રમયોગીઓને આપવાની રહેશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ

## પાંચ વર્ષની પ્રગતિ દર્શાવતું પત્રક

**યોજનાનું નામઃ ઈન્દિરા આવાસ યોજના (નવા મકના/ મકાન સુધારણા)**

| ક્રમ | વર્ષ | નાણાંકિય | | જોગવાઈ સામે | ભૌતિક | | | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | જોગવાઈ (મળેલ રકમ) | ખર્ચ | ટકાવારી | એકમ | લક્ષ્યાંક | સિધ્ધિ | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1 | 2001-02 | 46.62 | 83.39 | 178.87 | નવું મકાન | 246 | 292 | 118.69 |
| | | | | | મકાન સુધારણા | 121 | 98 | 80.99 |
| 2 | 2002-03 | 116.63 | 150.88 | 129.36 | નવું મકાન | 379 | 284 | 74.93 |
| | | | | | મકાન સુધારણા | 190 | 169 | 88.94 |
| 3 | 2003-04 | 202.17 | 203.32 | 100.56 | નવું મકાન | 430 | 315 | 73.25 |
| | | | | | મકાન સુધારણા | 215 | 233 | 108.37 |
| 4 | 2004-05 | 221.40 | 205.80 | 92.95 | નવું મકાન | 452 | 430 | 95.13 |
| | | | | | મકાન સુધારણા | 226 | 209 | 92.47 |
| 5 | 2005-06 | 343.58 | 332.64 | 96.81 | નવું મકાન | 864 | 826 | 95.60 |
| | | | | | મકાન સુધારણા | 226 | 198 | 87.61 |
| 6 | 2006-07 | 349.98 | 323.26 | 92.36 | નવું મકાન | 897 | 707 | 78.81 |
| | | | | | મકાન સુધારણા | 226 | 216 | 95.57 |
| 7 | 2007-08 | 460.40 | 510.29 | 110.84 | નવું મકાન | 1290 | 1290 | 100 |
| | | + 28.55 | + 26.95 | + 95.40 | મકાન સુધારણા | 226 | 230 | 101.77 |
| 8 | 2008-09 | 638.20 | 638.20 | 104.57 | નવું મકાન | 1403 | 1541 | 109.84 |

## રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાહેંધરી એકટ 2005 અન્વયે
### રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાહેંધરી યોજના ગુજરાત

| | |
|---|---|
| પ્રાસ્તાવિક | ➢ પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના ત્રીજા તબક્કામાં તા.1/4/08થી અમલમાં આવેલ છે. |
| યોજનાનો ઉદેશ | ➢ રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના-ગુજરાતનો મુખ્ય ઉદેશ ગ્રામિણ વિસ્તારમાં રોજગારી ઈચ્છુક કુટુંબોને નાણાકીય વર્ષમાં 100ની રોજગારી પુરી પાડવાની અને ગ્રામ્યકક્ષાએ માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનો છે. |
| ફંડ વ્યવસ્થાયન | ➢ આ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. કામોમાં મજુરી ખર્ચ 100% ભારત સરકાર ભોગવે છે. તથા માલસામાન અને કુશળ, અર્ધકુશળ મજુરી ખર્ચમાં 75:25 ભારત સરકાર અને રાજય સરકાર પ્રમાણમાં ભોગવશે જેનો અમલ પાટણ તા.1/4/2008 થી કરવામાં આવે છે.<br>➢ બેરોજગારી ભથ્થાનો 100% ખર્ચ રાજય સરકાર કરશે.<br>➢ યોજના હેઠળ મજુરી પ્રધાન કામો લેવામાં આવે છે. જેમાં 60:40 ના મજુરી અને માલસામાનનું પ્રમાણ જળવાતું હોય તેવા કામો લઈ શકાય.<br>➢ જિલ્લામાં ગ્રામ્યકક્ષાના કામો માટે 50% રકમ ફાળવણી કરવામાં આવશે.<br>➢ તાલુકાકક્ષાના કામો માટે 25% રકમ અને જિલ્લાકક્ષાના કામો માટે 25% રકમ ફાળવવામાં આવશે. |
| અમલીકરણ સત્તાધિકારી | ➢ જિલ્લાકક્ષાએ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોજનાના મુખ્ય અમલીકરણ સત્તાધિકારીશ્રી છે.<br>➢ યોજનાનો અમલ જિલ્લાની તમામ ગામ પંચાયતો, તાલુકા પંચાયતો તથા રાજય સરકારના વિવિધ લાઈન ડીપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે. |
| કાર્યક્રમની વિશિષ્યટતાઓ | ➢ ગ્રામિણ વિસ્તારોમાં બિનકુશળ કામ કરવા ઈચ્છુક કુટુંબે ગ્રામ પંચાયતમાં નામ નોંધાવવું.<br>➢ નોંધણી થયેલ કુટુંબને 15 દીવસમાં ફોટોગ્રાફસ સાથેનું જોબકાર્ડ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવશે.<br>➢ જોબકાર્ડ ધરાવતા કુટુંબના પુખ્તવયના સભ્યો અરજી આપીને કામની માંગણી કરી શકશે.<br>➢ ગ્રામ પંચાયત દ્વારા કામ માંગણઈ કરનાર કુટુંબને 15 દીવસમાં કામ પુરૂ પાડવામાં આવશે. દીન 15માં રોજગારી ઉપલબ્ધ ન બને તો બેરોજગારી ભથ્થું મેળવવા હકદાર બનશે.<br>➢ આ યોજના હેઠળ જોબકાર્ડ ધારક કુટુંબને નાણાંકીય વર્ષ દરમ્યાન 100 દીવસની રોજગારી પુરી પાડવામાં આવશે.<br>➢ રહેણાંકથી 5 કી.મી. ની અંદર સરકાર અને ગ્રામ પંચાયત નકકી કરે તે કામ આપવામાં આવશે.<br>➢ શ્રમિકોને કામના પ્રમાણમાં 15 દીવસમાં ચુકવણું.<br>➢ માપી ન શકાય તેવા કામો માટે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ લઘુતમ વેચન દરે ચુકવણું.<br>➢ કામના સ્થળે પીવાનું પાણી, છાંયડો, 6 વર્ષથી ઓછી ઉમરના 5 કે તેથી વધુ બાળકો હોય તો ઘોડીયાઘરની વ્યવસ્થા, પ્રાથમિક મેડીકલ સારવાર વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| યોજનાની વધુ જાણકારી માટે સંપર્ક | ➢ ગ્રામ પંચાયતના સરપંચશ્રી/ તલાટી કમ મંત્રીશ્રી<br>➢ તાલુકા પ્રોગ્રામ ઓફીસર-વ-તાલુકા વિકાસ અધિકારીશ્રી<br>➢ અધિક જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર-વ-નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ.<br>➢ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર-વ-જિલ્લા વિકાસ એજન્સી, પાટણ. |

# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ

## પ્રગતિ દર્શાવતું પત્રક

યોજનાનું નામઃ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના, ગુજરાત

| ક્રમ | વર્ષ | નાણાંકિય | | જોગવાઈ સામે ટકાવારી | ભૌતિક | | | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | જોગવાઈ (મળેલ રકમ) | ખર્ચ | | એકમ | લક્ષ્યાંક | સિધ્ધિ | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1 | 2008-09 | 1076.76 | 554.76 | 51.52 | માનવદિન | 24.49 | 7.43 | 30.33 |

# સંપુર્ણ સ્વચ્છતા અભિયાન (ટી.એસ.સી.)

**રણનિતીઃ**

- માંગ ઉભી કરવી.
- શાળા/આંગણવાડીના બાળકોને આ કાર્યક્રમમાં સહભાગી બનાવવા.
- માહીતિ, શિક્ષણ અને સંદેશા વ્યવહાર (આઈ.ઈ.સી.) અગત્યની ભુમિકા રહેશે.

**કાર્યોઃ**

- વ્યક્તિગત શૌચાલયો
- શાળા અને આંગણવાડી શૌચાલયો
- સામુહિક શૌચાલયો
- આરોગ્ય શિક્ષણ
- નિર્મલ ગ્રામ
- રૂરલ અને સેનીટેશન માર્ટ ઉભા કરવા.

**ઉદેશોઃ**

- સ્વચ્છતાલક્ષી સ્થિતિમાં એકંદરે સુધારો કરવો.
- ખુલ્લામાં શૌચક્રિયા બંધ કરાવવી.
- અસ્વચ્છ અને બિન આરોગ્યપ્રદ પરિસ્થતિ અને આદતો તથા ખુલ્લામાં શૌચક્રિયા કરવાથી તથા રોગોમાં ઘટાડો થાય તેવા પ્રયત્નો કરવા.
- ગ્રામિણ સમુદાયોનું જીવનધોરણ સુધારવું.
- સ્વચ્છતાલક્ષી સુવિધાઓને સાર્વત્રિક બનાવવી.
- સમુદાયમાં જ સ્વચ્છતાલક્ષી સુવિધાઓ જાળવવાની જવાબદારી સ્વીકારવાની ભાવના કેળવવી.

**1. વ્યકિતગત શૌચાલય માટેઃ**

| બેઝીક લો-કોસ્ટ યુનિટ | ફાળો | | |
|---|---|---|---|
| | કેન્દ્ર સરકાર | રાજય સરકાર | લાભાર્થીનો ફાળો |
| રૂ. 2500/- | રૂ. 1500 | રૂ. 700 | રૂ. 300 |
| ગામમાં સામુહિક શૌચાલય માટે | | | |
| સામુહીક શૌચાલયો માટે વધુમાં વધુ રૂ. 2.00 લાખની કોસ્ટ માટે સહાય ઉપલબ્ધ છે. જેમાં કેન્દ્રનો 60%, રાજયનો 20% અને લાભાર્થીનો 20% ફાળો રહેશે. | | | |

**2. શાળા શૌચાલય માટેઃ**

| યુનિટ કોસ્ટ | કેન્દ્ર ફાળો | રાજયનો ફાળો | લાભાર્થીનો ફાળો |
|---|---|---|---|
| રૂ. 20000/- | રૂ. 14000/- | રૂ.6000/- | - |

**3. આંગણવાડી / બાલવાડી શૌચાલયો માટે (બેબી ફ્રેન્ડલી ટોયલેટ)**

| યુનિટ કોસ્ટ | કેન્દ્રનો ફાળો | રાજયનો ફાળો | લાભાર્થીનો ફાળો |
|---|---|---|---|
| રૂ. 5000/- | રૂ. 3500/- | રૂ. 1500/- | - |

**ગ્રામ્ય સુખાકારી સમિતિની રચનાઃ**

- આવી સમિતિ દરેક ગ્રામ પંચાયત માટે નિમવાની રહેશે.
- સરપંચ / વહીવટદાર — અધ્યક્ષ
- ગ્રામ પંચાયતના વધુ ત્રણ સભ્યો આ પૈકી એક મહિલા સભ્ય — સભ્યો
- એક અનુ.જાતિ / જનજાતિના સભ્ય — સભ્ય
- મુખ્ય શિક્ષક પ્રાથમિક શાળા — સભ્ય
- આંગણવાડી-બાલવાડી સંચાલિકા — સભ્ય
- ચેરમેન દુધ મંડળી / સેવા મંડળી — સભ્ય
- સ્વશક્તિ / એસ.એચ.જી / સ્વનિર્ભર ગૃપના પ્રતિનિધિ — સભ્ય

**સમિતિની ફરજો અને જવાબદારીઓઃ**

- દરેક ગ્રામસભામાં / ગ્રામપંચાયતની બેઠકમાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન યોજનાને લગતા કામો/બાબતોનો એજન્ડા અચુક રાખશે.
- મુડી માટે (કેપીટલ કોસ્ટ) લોકફાળો (જે રોકડ અથવા માલસામાન અથવા મજુરીરૂપે હોઈ શકે છે.) તેની વ્યવસ્થા અંગે આયોજન કરશે. અને વ્યવસ્થા ગોઠવશે તથા તેનો અમલ કરશે.
- સંપુર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેકટના ભાગરૂપે મળતી પ્રોત્સાહીત રકમ/લોકફાળો તથા રોકડ રકમના હિસાબો જાળવવા ગ્રામપંચાયતે બેંકમાં અલગ ખાતું ખોલાવવાનું રહેશે તથા યોજના અંગેના નાણાંનો વ્યવહાર કરશે. નાણાંકીય વ્યવહાર માટેની કામગીરી સંભાળશે. અને માર્ગદર્શન પુરૂ પાડશે.

**આ સમિતિની ફરજો અને જવાબદારીઓઃ**

- સંપુર્ણ સ્વચ્છતા અભિયાનના અમલ માટે જુદી જુદી સંસ્થાઓ/એકમો/વ્યક્તિઓ સાથે દરેક પ્રકારના કરાર કરશે.જાહેર સુખાકારીની પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
- જાહેર સુખાકારી યોજનાઓના અમલીકરણ માટે સ્પર્ધાત્મક ધોરણે જરૂરી માલસામાન મેળવશે.
- યોજનાઓના બાંધકામની પ્રવૃત્તિઓની દેખરેખ (સુપરવિઝન) રાખશે.
- આરોગ્ય અને સુખાકારી અંગે જાગૃતી ઉભી કરશે.
- સામુહિક ઉપયોગ માટેના શૌચાલયો તથા સુખાકારી સંકુલોની સારસંભાળ સંચાલનની વ્યવસ્થા કરશે.

**આદર્શ સ્વચ્છ ગામઃ**

- બાળકોને ઉચ્ચ સંસ્કાર અને સારૂં શિક્ષણ
- ઘરોમાં પાણીબંધ શૌચાલયોની સુવિધા.
- ઘરોમાં ખાળકુવા, મોરીની જંતુનાશક દવાથી છંટકાવ.
- પોષક આહાર કેન્દ્ર તથા તેમાં શૌચાલયની સુવિધા.
- પશુઓ માટે પાણીના સ્વચ્છ હવાડા
- ગ્રામ સફાઈ કાર્યક્રમ અન્વયે રસ્તા, જાહેર શૌચાલય, ગટરની સફાઈ.
- ખાતર માટે ગામથી દુર ખાડા.
- મૃત પશુઓનો યોગ્ય નિકાલ.

**ચાલો આપણે સારી ટેવો પાડીએઃ**

- આપણું ઘર હંમેશા સ્વચ્છ અને સુઘડ રાખીએ.
- જાહેર પેશાબઘરનો ઉપયોગ કરીએ.
- પાણીબંધ શૌચાલયનો ઉપયોગ કરીએ.
- ઘરનો કચરો સંગ્રહ કરી કચરાપેટીમાં નાખીએ.
- ઘરમાં પીવાના પાણી માટે ડોયાનો ઉપયોગ કરીએ.
- થુંકવા માટે થુંકદાની રાખીએ અને તેને ઢાંકણથી ઢાંકીએ.
- ઘરના વપરાશના પાણીનો નિકાલ ગટર કે શોષખાડામાં કરીએ.

**કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણોઃ**

ઉદ્દેશોઃ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

(1) ગ્રામીણ વિસ્તારોમાં સામાન્ય લોકોનું જીવનધોરણ સુધારવું.

(2) ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા હેઠળ વધુને વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીને વેગ આપવો.

(3) આરોગ્ય વિષયક શિક્ષણ અને જાગૃતિ ઉભી કરીને સ્વચ્છતાલક્ષી સવલતો માટે માંગ ઉભી કરવી.

(4) ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓ/ આંગણવાડીઓને સ્વચ્છતાલક્ષી સવલતો હેઠળ આવરી લેવી અને વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક શિક્ષણ અને સ્વચ્છતાલક્ષી ટેવોને પ્રોત્સાહન આપવું.

(5) સ્વચ્છતાની બાબતોમાં ખર્ચને અસર કરતી અને યોગ્ય પ્રોદ્યોગીકીઓને પ્રોત્સાહન આપવું.

(6) પીવાના પાણીના સાધનો અને ખોરાકના બગાડનું જોખમ ઓછુ કરવા માટે ખુલ્લામાં મળત્યાગ અટકાવો.

(7) પાણીના ઉપયોગ વિનાના જાજરૂને ફલશ જાજરૂમાં પરિવર્તિત કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં જયાં પણ માથે મેલું ઉપાડવાની પ્રથા હોય ત્યાં તે દૂર કરવી.

# ગોકુળ ગ્રામ યોજના (જી.જી.વાય)

**પ્રસ્તાવના**

આ યોજનાનો હેતુ સુંદર, સ્વચ્છ, સુવિધાપુર્ણ અને સુરક્ષિત ગામના હાર્દ સાથે ગોકુળીયા ગામના કલ્પનાને સાકાર કરવાનો છે. આ યોજના સને 1995-96 માં કાર્યન્વિત કરવામાં આવેલ અને ત્યારબાદ 1997-98 માં રદ કરાયેલી, આ યોજનાને 1998-99 ના વર્ષથી પુનઃ કાર્યન્વિત કરવામાં આવેલ છે. આ સંપુર્ણપણે રાજયસરકાર પુરસ્કૃત યોજના છે.

**મુખ્ય ઉદેશઃ**

ગામોને પાયાની માળખાકીય સુવિધાઓ પુરી પાડવી.

- ગામનો સંતુલિત ધોરણે વિકાસ થાય,
- પ્રત્યેક ગામમાં નિશ્ચિત સમયગાળામાં પાયાના ન્યુનતમ સુવિધા સંપન્ન બને.
- ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોને રોજગારી આપવાનો છે.

**કેટલી સહાય મળેઃ**

પસંદગી પામેલ ગામદીઠ રૂ. 5.00 લાખનું ભંડોળ ફાળવવામાં આવે છે.

**ગોકુળ ગ્રામ યોજના હેઠળની સુવિધાઓઃ**

- પાકા એપ્રોચ રસ્તા
- પીવાના પાણીની સુવિધા, પરબ
- પ્રાથમિક શાળાના રૂમ
- આંગણવાડી, બાલવાડી
- કોમ્યુનીટી હોલ
- ગામમાં વિજળીની સુવિધા
- પંચાયત ઘર
- સેનીટેશન
- ગટર વ્યવસ્થા
- પીક-અપ એસ.ટી.સ્ટેન્ડ
- સ્મશાન ગૃહ
- પશુ સારવાર કેન્દ્ર

**ગોકુળ ગ્રામ અમલીકરણ સમિતિઃ**

- સરપંચ
- સામાજિક ન્યાય સમિતિ, ચેરમેન
- કારોબારી સમિતિ સભ્ય
- પ્રાથમિક શાળાના આચાર્ય
- ગામના આગેવાન
- સ્વસહાય જુથના મહિલા પ્રતિનિધિ
- જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્ય
- ગ્રામ સેવક / તલાટી કમ મંત્રી
- ગ્રામ મંત્રી (સભ્ય સચિવ)

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ

## પાંચ વર્ષની પ્રગતિ દર્શાવતું પત્રક

**યોજનાનું નામઃ ગોકુળ ગ્રામ યોજના**

| ક્રમ | વર્ષ | નાણાંકિય | | જોગવાઈ સામે | ભૌતિક | | | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | જોગવાઈ (મળેલ રકમ) | ખર્ચ | ટકાવારી | એકમ | લક્ષ્યાંક | સિધ્ધિ | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1 | 2004-05 | 129.78 | 98.29 | 75.74 | ગામો | 23 | 19 | 81.81 |
| 2 | 2005-06 | 169.39 | 158.50 | 93.57 | ગામો | 35 | 32 | 90.14 |
| 3 | 2006-07 | 110.24 | 78.14 | 70.88 | ગામો | 20 | 15 | 73.98 |
| 4 | 2007-08 | 89.33 | 36.40 | 40.75 | ગામો | 18 | 07 | 38.88 |
| 5 | 2008-09 | 89.50 | 21.97 | 24.55 | ગામો | 18 | 05 | 27.78 |

## પ્રકરણ-5 (નિયમ સંગ્રહ-4)

### નીતિ ઘડતર અથના નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત.

**નીતિ ઘડતરઃ**

**5.1 શું નીતીઓના ઘડતર માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ - પરામર્શ/સહભાગિતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ? જો હોય તો, નીચેના નમુનામાં આવી નીતિની વિગતો આપો.**

| અ. નં. | વિષય / મુદ્દો | શું જનતાની સહભાગિતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે ? (હા / ના) | જનતાની સહભાગિતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
